# GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
## PRESS NOTE

7512

**Date: 30/07/2021**

**Sub : Unveiling program for the redevelopment of Government Girls High School with Heritage Grade (II) at Raipur Khadia with the objective of preserving social heritage in collaboration with LxS Foundation under the auspices of Gujarat Chamber Foundation**

Gujarat Chamber of Commerce and Industry in association with the LxS Foundation inaugurated the Heritage Grade (II) Government Girls High School at Raipur Khadia for the purpose of conserving social heritage.

A Memorandum of Understanding (MoU) has been signed between Gujarat Chamber Foundation and LxS Foundation for setting up of Girls Innovation Center in collaboration with the Department of Education, Government of Gujarat, UNESCO Delhi, Alliance Française d'Ahmedabad and Indian National Trust for Art & Culture (INTACH).

Shri Natubhai Patel, President, GCCI in his welcome address stated that Gujarat Chamber Foundation has always been active in social works, whether it is natural calamities or difficult situation like Covid-19 pandemic, Mahajan has come forward to help common people in many ways in times of crisis. He discussed that the Government's New Education Policy mentions restoring and developing a heritage site under the School of Excellence. As part of this, GCCI has decided to develop a 200-year-old heritage property as a "Girls Innovation Center". Just as years ago Mahajans built the VS Hospital in Ahmedabad for the welfare of society and under the leadership of Kasturbhai during that time Mahajans developed zoo or library for the society. In the same way Mahajans will complete the construction of this heritage school within three years. He thanked Shri Trilokbhai Parikh, Trustee, Gujarat Chamber Foundation for his contribution of Rs. 15,00,000 towards this project.

Ms. Sanskriti Panchal, founder, LxS Foundation gave a presentation on the project and gave a brief overview about the project, stating that the project would also preserve the heritage and provide free and quality education to the girls of common and poor people. Thus, future generations will benefit greatly.

Shri Pathik Patwari, Hon. Secretary, GCCI stated that this is not just a renovation of a historic site but a historic day and GCCI is fortunate to be a part of such project. He also mentioned that if we take care of such historic places, people from Europe will come to visit our heritage sites as this is a unique attempt to make good use of heritage. He requested other associations also to join hands in such works.

---

**To,**

**The Editor/ Chief Reporter/ Commercial Editor/ Bureau Chief/ News Editor with a request to kindly incorporate the above Press Note in your esteemed News Paper.**

**Yogendrakumar Trivedi**
**Secretary General**

# ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી

## પ્રેસ નોંધ

7512

તારીખ:**30/07/2021**

**વિષય: ગુજરાત ચેમ્બર ફોઉન્ડેશનના નેજા હેઠળ LxS Foundation સાથે મળી સોશ્યલ હેરિટેજનું સંરક્ષણ કરવાના ઉદ્દેશથી રાયપુર ખાડિયા ખાતે સ્થિત હેરિટેજ ગ્રેડ (II) ધરાવતી સરકારી ગર્લ્સ હાઇસ્કૂલનું પુન: નિર્માણ માટે અનાવરણનો સાંકેતિક કાર્યક્રમ**

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત ચેમ્બર ફોઉન્ડેશનના નેજા હેઠળ LxS Foundation સાથે મળી સોશ્યલ હેરિટેજનું સંરક્ષણ કરવાના ઉદ્દેશથી રાયપુર ખાડિયા ખાતે સ્થિત હેરિટેજ ગ્રેડ (II) ધરાવતી સરકારી ગર્લ્સ હાઇસ્કૂલનું પુન: નિર્માણ માટે અનાવરણનો સાંકેતિક કાર્યક્રમ કરવામાં રાખવામાં આવ્યો હતો.

Girls Innovation Center ની સ્થાપના માટે ગુજરાત ચેમ્બર અને LxS Foundation વચ્ચે સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યો છે. અને ગુજરાત ચેમ્બરની સાથે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ, UNESCO Delhi, Alliance Française d' Ahmedabad and Indian National Trust for Art & Culture (INTACH) નો પણ સહકાર છે.

શ્રી નટુભાઈ પટેલ, પ્રમુખ GCCI એ તેમના સ્વાગત સંબોધનમાં જણાવ્યું હતું કે ગુજરાત ચેમ્બર ફાઉન્ડેશન સામાજિક કાર્યોમાં હંમેશાં સક્રિય રહ્યું છે તે કુદરતી આફતો હોય કે છેલ્લા 2 વર્ષથી કોવિડ જેવી કપરી પરિસ્થિતિ હોય, મહાજન તરીકે સંકટ સમયે સામાન્ય લોકોને અસંખ્ય રીતે મદદ કરવા આગળ આવ્યું છે. તેઓ એ જણાવ્યું હતું કે સરકારની નવી શિક્ષણ નીતિમાં સ્કૂલ ઓફ એક્સિલન્સ હેઠળ હેરિટેજ સાઈટ ને રીસ્ટોર કરવા તથા તેને ડેવલપ કરવાનો ઉલ્લેખ કર્યો છે. તેના ભાગરૂપે GCCI એ 200 વર્ષ પહેલાની હેરિટેજ પ્રોપર્ટીને ગર્લ્સ ઇનોવેશન સેન્ટર તરીકે ડેવલપ કરવાનો નિર્ણય કર્યો છે. જેમ મહાજનો એ સાથે મળીને વી.એસ હોસ્પિટલ બનાવી, કસ્તુર ભાઈ ની આગેવાની હેઠળ તે સમયે

મહાજનોએ  પ્રાણીસંગ્રહાલય કે લાઈબ્રેરી જેવી ભેટ સમાજ ને આપી છે, તેવી જ રીતે મહાજનો આ શાળા નું નિર્માણ ત્રણ વર્ષમાં પૂર્ણ કરશે. તેઓએ ગુજરાત ચેમ્બર ફાઉન્ડેશન ના ટ્રસ્ટી શ્રી ત્રિલોક ભાઈ પરીખ નો આ પ્રોજેક્ટ માટે રૂ.15,00,000 નું જે યોગદાન આપ્યું છે તેના માટે તેઓએ તેમનો આભાર વ્યક્ત કર્યો છે.

મિસ. સંસ્કૃતિ પંચાલ, LxS Foundation ના સંસ્થાપકે આ પ્રોજેક્ટ વિષે એક પ્રેઝેન્ટેશન રજૂ કર્યું હતું અને તેની ટૂંકમાં માહિતી આપતા જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ ને કારણે હેરિટેજ પણ જળવાઈ રહેશે અને સામાન્ય અને ગરીબ લોકો ની કન્યાઓને મફત અને ગુણાત્મક શિક્ષણ પણ મળી રહેશે. જેથી  આવનારી પેઢીઓને ખુબ જ ફાયદો થશે.

શ્રી પથિક પટવારીએ, માનદ સેક્રેટરી, GCCIએ જણાવ્યું હતું કે GCCI માટે આ માત્ર ઐતિહાસિક સાઈટનું પુન નિમાર્ણ નથી પરંતુ એક  ઐતિહાસિક દિવસ છે અને GCCI ભાગ્યશાળી છે કે તે આવા પ્રોજેક્ટ નિમાર્ણ નો હિસ્સો છે. અને જો આવી ઐતિહાસિક જગ્યાની માવજત કરીશું તો યુરોપ થી લોકો આપણી હેરિટેજ સાઈટ ની મુલાકાત કરવા આવશે. આ હેરિટેજ નો સદુપયોગ કરવાનો અનોખો પ્રયાસ છે. GCCI બીજા એસોસિએશન ને પણ આવા કાર્યમાં જોડાવાની વિનંતી કરે છે.

---

તંત્રીશ્રી / ચીફ રિપોર્ટર / વાણિજ્ય તંત્રીશ્રી / બ્યુરો ચીફ/ ન્યૂઝ એડિટર
ઉપરોક્ત અખબાર નોંધ આપણા અખબારમાં સમાવી લેવા વિનંતી

યોગેન્દ્રકુમાર ત્રિવેદી
સેક્રેટરી જનરલ